# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગેરકાયદેસર ઘુષણખોરીને દેશની વસતિ માટે ખતરો ગણાવી
2. ભગવાન કૃષ્ણના જન્મોત્સવ, જન્માષ્ટમીનો તહેવાર આજે દેશભરમાં ઉજવવામાં આવી રહ્યો છે
3. જમ્મુ કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં
4. દેશભરના એક હજાર 150 ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ વાર્ષિક પાસની સુવિધા આજથી શરૂ
5. એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપ 2025 આજથી કઝાકિસ્તાનમાં શરૂ થશે.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM- DEMOGRAPHY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગેરકાયદેસર ઘુષણખોરી સામે ચેતવણી આપી તેને દેશની વસતિ માટે ખતરો ગણાવી છે. સ્વતંત્રતા દિવસના પોતાના સંબોધનમાં, શ્રી મોદીએ ગેરકાયદેસર ઘુષણખોરી દ્વારા ઉભા થતા જોખમોથી દેશને બચાવવા માટે એક ઉચ્ચ સ્તરીય વસતિ વિષયક મિશનની જાહેરાત કરી હતી.

શ્રી મોદીએ કહ્યું કે, તેઓ દેશને આ ચિંતા વિશે ચેતવણી આપવા માંગે છે, જે હવે એક પડકાર બની ગઈ છે. તેમણે કહ્યું કે, એક સુનિયોજીત ષડયંત્ર હેઠળ, દેશની વસતિ વિષયક સ્થિતિ બદલી નવા સંકટના બીજ વાવવામાં આવી રહ્યા છે.

(બાઇટ : **PM- DEMOGRAPHY)**

શ્રી મોદીએ જણાવ્યુ, ઘુસણખોરો દેશના યુવાનોની આજીવિકા છીનવી રહ્યા છે. તેમણે કહ્યું કે સરહદી વિસ્તારોમાં વસતિ વિષયક પરિવર્તન રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# JANMASHTAMI

ભગવાન કૃષ્ણના જન્મોત્સવ, જન્માષ્ટમીનો તહેવાર આજે દેશભરમાં ઉજવવામાં આવી રહ્યો છે. મંદિરોમાં મોટી સંખ્યામાં પૂજા કરવા માટે ઉમટ્યા છે. ઉત્તર પ્રદેશના મથુરામાં કૃષ્ણ જન્મભૂમિ મંદિરને જન્માષ્ટમીની ઉજવણી માટે સુંદર રીતે શણગારવામાં આવ્યું છે. આ તહેવારની ઉજવણી માટે મોટી સંખ્યામાં લોકો મથુરા અને વૃંદાવન પહોંચ્યા છે.

સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ: OM-AWASTHI)**

ગુજરાતના, ડાકોરમાં સૌથી આદરણીય દ્વારકાધીશ મંદિર અને શામળાજી મંદિર સહિત તમામ શ્રીકૃષ્ણ મંદિરોમાં આજે જન્માષ્ટમી ભવ્યતા અને ભક્તિ સાથે ઉજવવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PREZ AMRIT UDYAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં પ્લુમેરિયા ગાર્ડન, બનિયન ગ્રોવ અને બબલિંગ બ્રૂકનું ઉદ્ઘાટન કર્યું. સોશિયલ મીડિયા

સંદેશમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ માહિતી આપી કે પ્લુમેરિયા ગાર્ડન, બનિયન ગ્રોવ અને બબલિંગ બ્રૂક હવે ઉદ્યાનનો ભાગ છે.

પ્લુમેરિયા ગાર્ડનમાં ઘાસના ટેકરા અને ક્યુરેટેડ વાવેતર દર્શાવવામાં આવ્યા છે જ્યારે બનિયન ગ્રોવમાં રીફ્લેક્સોલોજી પાથ, પંચતત્વ ટ્રેલ્સ અને વન-પ્રેરિત સાઉન્ડસ્કેપ્સ છે. બબલિંગ બ્રુકમાં ધોધ, શિલ્પ કાસ્કેડ અને પગથિયાં છે. અમૃત ઉદ્યાન આવતા મહિનાની 14મી તારીખ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## REV. DAY J&K: KISHTWAR

જમ્મુ અને કાશ્મીરમાં, કિશ્તવાડ જિલ્લામાં વાદળ ફાટવાથી પ્રભાવિત ચિસોટી ગામમાં રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જેમાં સેના, NDRF, SDRF, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્ર તૈનાત છે. જમ્મુ અને ઉધમપુરમાં બે Mi-17 હેલિકોપ્ટર અને એક એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટરને તૈનાત રાખવામાં આવ્યા છે. વાદળ ફાટવાથી આવેલા અચાનક પૂરમાં 60 લોકો માર્યા ગયા, 100 થી વધુ ઘાયલ થયા જ્યારે અનેક લોકો ગુમ થયા.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે ચિસોટીની મુલાકાત લીધી અને અચાનક પૂરથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કર્યું. અગાઉ, પ્રધાનમંત્રી

**નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને ઉપ-રાજ્યપાલ મનોજ સિંહા સાથે પણ વાત કરી હતી, અને તેમને કેન્દ્ર તરફથી શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NHAI - FASTAG ANNUAL PASS

**ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળે આજથી દેશભરના લગભગ એક હજાર 150 ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ વાર્ષિક પાસની સુવિધા શરૂ કરી છે. ગઈકાલે સાંજે 7 વાગ્યા સુધીમાં લગભગ એક લાખ 40 હજાર લોકોએ વાર્ષિક પાસ ખરીદી ઉપયોગ શરૂ કર્યો.**

**સાંભળીએ એક અહેવાલ …**

**(વોઇસ કાસ્ટ : NIKHIL KUMAR)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ

સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# PM DELHI-PROJECTS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં અંદાજે 11 હજાર કરોડ રૂપિયાના બે મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રકલ્પોનું ઉદ્ઘાટન કરશે.**

**આ પ્રકલ્પોમાં દ્વારકા એક્સપ્રેસ-વેનો દિલ્હી સેક્શન અને અર્બન એક્સટેન્શન રોડ-IIનો સમાવેશ થાય છે. એક નિવેદનમાં, પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું કે, આ પ્રકલ્પો રાષ્ટ્રીય રાજધાનીમાં ભીડ ઓછી કરવા માટે સરકારની વ્યાપક યોજના હેઠળ વિકસાવવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ કનેક્ટિવિટીમાં સુધારો કરવાનો, મુસાફરીનો સમય ઘટાડવાનો અને દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક ઘટાડવાનો છે. આ પ્રસંગે, શ્રી મોદી જનસભાને પણ સંબોધિત કરશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MUMBAI LANDSLIDE

મુંબઈના વિક્રોલીના પાર્ક સાઈટ વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે એક જ પરિવારના બે લોકોના મોત થયા છે જ્યારે બે લોકો ઘાયલ થયાના અહેવાલ છે. શુક્રવાર રાતથી મુંબઈ શહેર અને ઉપરના વિસ્તારોમાં સતત પડી રહેલા મુશળધાર વરસાદને કારણે ઘણા નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

હવામાન વિભાગે આજે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. મુંબઈ શહેર અને ઉપનગરો, થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગમાં ભારે વરસાદની આગાહી છે. જેના કારણે સંબંધિત એજન્સીઓને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASIAN SHOOTING

શૂટિંગમાં, એશિયન ચેમ્પિયનશિપ 2025 આજથી કઝાકિસ્તાનના શ્યામકેન્ટ શૂટિંગ પ્લાઝા ખાતે શરૂ થશે. બે વખતની ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મનુ ભાકર આ ઇવેન્ટમાં ભારતના અભિયાનનું નેતૃત્વ કરશે.

દરમિયાન ચેસમાં, ભારતીય ગ્રાન્ડમાસ્ટર એમ પ્રણેશે ચેન્નાઈ ગ્રાન્ડ માસ્ટર્સ 2025 માં ચેલેન્જર્સનો તાજ જીત્યો, તેઓ આવતા વર્ષે માસ્ટર્સ વિભાગમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD WEATHER

હવામાન વિભાગે આજે કોંકણ અને ગોવામાં ભારે વરસાદની આગાહી કરી છે. આસામ, મેઘાલય, ઉત્તરાખંડ, મધ્ય મહારાષ્ટ્ર, તેલંગાણા, પશ્ચિમ મધ્યપ્રદેશ અને ગુજરાતમાં પણ ભારે વરસાદ પડી શકે છે જ્યારે અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, છત્તીસગઢ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, માહે અને મરાઠવાડામાં પવન સાથે ભારે વરસાદ પડી શકે છે.

પૂર્વ મધ્યપ્રદેશ, પૂર્વ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, પંજાબ, સૌરાષ્ટ્ર, વિદર્ભ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં પણ ભારે વરસાદની આગાહી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પણ ભારે પવન અને વાવાઝોડાની આગાહી છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી છે.

---------------------------------------------

## UN REPORT-GAZA

સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર કાર્યાલયે ગઈકાલે જણાવ્યું હતું કે મે મહિનાના અંતથી ગાઝામાં સહાય માંગતી વખતે ઓછામાં ઓછા એક હજાર 760 પેલેસ્ટાઇનીઓ માર્યા ગયા છે, જે ઓગસ્ટની શરૂઆતમાં તેના છેલ્લા પ્રકાશિત આંકડાથી સેંકડોનો વધુ છે.

યુએનના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન સાઇટ્સની નજીકમાં 994 લોકો માર્યા ગયા હતા અને પુરવઠાના કાફલાઓના માર્ગો પર 766 વધુ લોકો માર્યા ગયા હતા.

પેલેસ્ટિનિયન પ્રદેશો માટેની એજન્સીની કચેરીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આમાંની મોટાભાગની હત્યાઓ ઇઝરાયેલી સૈન્ય દ્વારા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PUDUCHERRY- DE JURE TRANSFER DAY

પુડુચેરીમાં આજે વિધિવત રીતે સ્થાનાંતરણ દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસ 1962માં સંધિ પછી પુડુચેરી, કરાઈકલ, માહે અને યનમની તત્કાલીન ફ્રેન્ચ વસાહતોના ભારતીય સંઘમાં ઔપચારિક હસ્તાંતરણને દર્શાવે છે. અગાઉ 1954માં કીઝુરમાં એક લોકમત યોજાયો હતો, જેમાં ભારે બહુમતીએ ભારતમાં જોડાવાની તરફેણમાં મતદાન કર્યું હતું.

કીઝુર સ્મારક ખાતે પુડુચેરી વિધાનસભાના અધ્યક્ષ આર. સેલ્વમે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને શ્રદ્ધાંજલિ આપી હતી. આ કાર્યક્રમમાં સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .